सत्यमेव जयते

| | |
|---|---|
| GJJM090004482021 | કેસ દાખલ તા. : ૧૪/૦૬/૨૦૨૧<br>કેસ નોધ્યા તા. : ૧૪/૦૬/૨૦૨૧<br>ઠરાવ જાહેર તા. : ૧૫/૦૪/૨૦૨૬<br>-------------------------<br>અવધિ : ૪ વર્ષ ૧૦ માસ ૦૧ દિવસ |

**આંક–**

**FORM-A**

**જોડીયાના મહેરબાન જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલત સમક્ષ,**
**મુ. જોડીયા**

| | |
|---|---|
| **ચુકાદાની તારીખ** | તારીખ ૧૫/૦૪/૨૦૨૬ |
| **એફ.આઈ.આર.ની વિગત** | જોડીયા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૦૧૭૨/૨૦૨૦, તારીખ: ૦૫/૦૬/૨૦૨૦. |
| **ગુનો** | ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૫, ૩૨૩, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ |
| **ફરીયાદી** | શ્રી સરકાર |
| **ફરીયાદી પક્ષે વિધ્વાન એ.પી.પી.** | શ્રી એન.કે.પરમાર |
| **આરોપી** | સુભાનભાઇ સિધ્ધિકભાઈ સોઢા,<br>ઉ.વ.૨૭, ધંધો. ખેતી,<br>રહે. બાલંભા ગામ, તા.જોડીયા, જી.જામનગર. |
| **આરોપી તર્ફે વિધ્વાન વકીલ** | શ્રી એ.પી.માંકડ |

**FORM-B**

| | |
|---|---|
| **ગુનો બન્યા તારીખ** | તા. ૦૪/૦૬/૨૦૨૦ ના કલાક ૧૯:૦૦ વાગ્યે |
| **એફ.આઈ.આર. તારીખ તારીખ** | તા. ૦૫/૦૬/૨૦૨૦ |
| **ચાર્જશીટ દાખલ તારીખ** | તા. ૧૭/૦૭/૨૦૨૧ |

| | |
|---|---|
| ચાર્જફ્રેમ તારીખ– | – |
| પુરાવો ચાલુ થયા તારીખ | તા. ૨૭/૧૦/૨૦૨૧ |
| ચુકાદા માટે રાખ્યા તારીખ | તા. ૧૫/૦૪/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | તા. ૧૫/૦૪/૨૦૨૬ |
| સજા, હુકમની તારીખ (લાગુ પડે તો) | |

**આરોપીની વિગત**

| આરોપી નં. | આરોપી નું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીરવાન / નિર્દોષ | કરવામા આવેલ સજા | ફો.કા.સં.ની કલમ–૪૨૮ કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | સુભાનભાઈ સિદ્ધિકભાઈ સોઢા, રહે. બાલંભા ગામ, તા.જોડીયા, જી.જામનગર. | – | – | – | નિર્દોષ | – | – |

**FORM – C**

**ફરીયાદપક્ષે /બચાવપક્ષે/ અદાલત તર્ફે સાહેદ યાદી**

**ફરીયાદપક્ષે સાહેદ લીસ્ટ**

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| ૦૪ | શબીર ઈશાક સોઢા નાઓની જુબાની | પંચસાહેદ |
| ૧૧ | નિલેશભાઈ કરશનભાઈ માલીવીયા નાઓની જુબાની | પંચસાહેદ |
| ૧૫ | ઈબ્રાહીમભાઈ દાઉદભાઈ જસરાયા નાઓની જુબાની | ફરિયાદી |
| ૨૫ | હબીબ દાઉદ જશરાયા નાઓની જુબાની | સાહેદ |
| ૨૬ | અનવર દાઉદ જશરાયા નાઓની જુબાની | સાહેદ |
| ૩૧ | મહમદ ઈબ્રાહીમ જશરાયા નાઓની જુબાની | સાહેદ |
| ૩૨ | ભીમજી બટુક આદ્રોજીયા નાઓની જુબાની | પંચસાહેદ |
| ૪૩ | પ્રકાશભાઈ દેવરાજભાઈ જરૂ નાઓની જુબાની | ત.ક.અ./સાહેદ |
| ૫૭ | ડો. પ્રવિણભાઈ રામજીભાઈ ભુવા નાઓની જુબાની | ડોકટર/સાહેદ |

**દસ્તાવેજી પુરાવા**

| આંક | દસ્તાવેજ |
|---|---|
| ૦૫ | બનાવવાળી સ્થાનિક જગ્યાનું પંચનામું |
| ૧૬ | ફરીયાદ |
| ૩૩ | આરોપીને અટક કર્યા અંગેનું પંચનામું |
| ૪૧ | ફરિયાદી ઈબ્રાહીમ દાઉદ જશરાયાનું ઈન્જરી સર્ટીફીકેટ |
| ૪૪ | હથિયારબંધીનું જાહેરનામું |

**બ. બચાવપક્ષે સાહેદ લીસ્ટ**

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| – | – | – |

**ક. અદાલતપક્ષે સાહેદ લીસ્ટ**

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| – | – | – |

## –:: ચુકાદો ::–

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ અન્ય આરોપીઓ સાથે મળી ગઈ તારીખ: ૦૪/૦૬/૨૦૨૦ ના કલાક ૧૯:૦૦ વાગ્યે, બાલંભા ગામ, તા.જોડીયા, જી.જામનગર મુકામે ફરિયાદી પાસે આવી ફરિયાદીને કહેલ કે, તું પોલીસને અમારી બાતમી આપે છે તેમ કહી આ કામના આરોપીએ ફરીયાદીને પકડી રાખી અને ચાર્જશીટના કોલમ નં.૨ માં જણાવેલ આરોપીઓ અયુબ તથા અશગર પોતાના હાથમાં રહેલ લાકડાના ધોકા વડે ફરિયાદીને બન્ને પગે તથા ડાબા પગે તથા હાથમાં ફ્રેકચર કરી તથા જમણા હાથની આં ગળી તથા હાથમાં તથા શરીરના ભાગે મુંઢ ઈજા કરી એકબીજાને મદદગારી કરી મે. ડી.એમ.સાહેબના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી પકડાઈ જઈ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૫, ૩૨૩, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબનો ગુનો કરેલ હોય, આ બાબતની આરોપી વિરૂધ્ધ ફરિયાદીએ ફરીયાદ જોડીયા પોલીસ સ્ટેશનમાં આપતા, તે ફરીયાદ એ પાર્ટ ૧૧૨૦૨૦૨૫૨૦૦૧૭૨/૨૦૨૦, તા.૦૫/૦૬/૨૦૨૦ થી ફરીયાદ નોંધી તપાસ કરનાર અમલદારે આ ગુનાની તપાસ કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ,

આરોપી સામે પુરતો પુરાવો જણાય આવતા, આરોપી વિરુધ્ધ મથાળે દર્શાવેલ ગુના સબબ અત્રેની અદાલતમાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ કરેલ.

(૨) સદર કામે આરોપીને ધોરણસરની સમન્સની બજવણી થઈ જતાં આરોપી હાજર થતાં તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પુરી પાડ્યા બાદ, આરોપી વિરૂદ્ધ આંક–૨ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ. આ કામના આરોપીને તહોમત મુજબનો ગુનો કબુલ છે કેમ ? તે બાબતે આંક– ૨–એ થી આરોપીનું નિવેદન નોંધવામા આવતાં, આરોપીએ તેઓની સામેના ગુન્હાનો ઈન્કાર કરતાં ફરીયાદપક્ષના કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામમાં ફરીયાદપક્ષે પુરાવા રજુ થયા બાદ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા પુરાવો પુરો થયા અંગેની મૌખિક વિનંતી કરતા આ કામે ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષના પુરાવાના અંતે આ કામે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ હેઠળ આરોપીના વિશેષ નિવેદન નોંધવામાં આવતા તેમાં તેઓએ નિર્દોષ હોવાનું જણાવેલ છે અને પુછેલા સવાલોના ઈન્કાર કરતા જવાબો આપેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રી તથા આરોપી પક્ષે વિદ્વાન વકીલશ્રીની દલીલો સાંભળી.

(૫) ઉપરોક્ત કેસની હકીકત, સંજોગો અને રજુ કરવામાં આવેલા પુરાવાને ધ્યાને લેતાં, આ કેસનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ અન્ય આરોપીઓ સાથે મળી ગઈ તારીખ: ૦૪/૦૬/૨૦૨૦ ના કલાક ૧૯:૦૦ વાગ્યે બાલંભા ગામ, તા.જોડીયા, જી.જામનગર મુકામે ફરિયાદી પાસે આવી ફરિયાદીને કહેલ કે, તું પોલીસને અમારી બાતમી આપે છે તેમ કહી આ કામના આરોપીએ ફરીયાદીને પકડી રાખી અને ચાર્જશીટના કોલમ નં.૨ માં જણાવેલ આરોપીઓ અયુબ તથા અશગર પોતાના હાથમાં રહેલ લાકડાના ધોકા વડે ફરિયાદીને બન્ને પગે તથા ડાબા પગે તથા હાથમાં ફ્રેકચર કરી તથા જમણા હાથની આંગળી તથા હાથમાં તથા શરીરના ભાગે મુંઢ ઈજા કરી એકબીજાને મદદગારી કરી મે. ડી.એમ.સાહેબના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી પકડાઈ જઈ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૫, ૩૨૩, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે? |
| (૨) | શું હુકમ ? |

(૬) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | નકારમાં. |
| (૨) | આખરી હુકમ મુજબ. |

**–:: કારણો ::–**

**<u>મુદ્દા નંબર ૧</u> ::–**

(૭) ફરિયાદપક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા દ્વારા રેકર્ડ પર તે મુજબનો ગુન્હો શંકા રહિત પુરવાર કરવો જોઇએ. બચાવપક્ષે ઉલટતપાસ દ્વારા ફરીયાદપક્ષના પુરાવામાં સંભવિત શંકા ઉપસ્થિત થાય છે તે મુજબ રેકર્ડ પર પ્રસ્થાપિત કરવો જોઇએ અને જો કોઇ વિશેષ બચાવ પોતાનો હોય તો તે મુજબનો તેમનો બચાવ રજુ કરવો જોઇએ. જો આવા કોઇ વિશેષ પુરાવામાં બચાવપક્ષ નિષ્ફળ ગયેથી ફરીયાદપક્ષનો પુરાવો સફળ થાય છે તેવુ માની શકાય નહી. પરંતુ સૌપ્રથમ ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધ શંકા રહિતનો પુરાવો રજુ કરવો જોઇએ તેવુ કાયદાનું ધોરણ છે.

(૭.૧) સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે આંક –૦પ થી રજુ બનાવવાળી સ્થાનિક જગ્યાના પંચનામાના પંચ સાહેદ નં.૧ શબીર ઈશાક સોઢા નાઓને આંક–૦૪ થી તથા પંચ સાહેદ નં.ર નિલેશભાઈ કરશનભાઈ માલવીયાનાઓને આંક –૧૧ થી સોગંદ ઉપર તપાસેલ છે, પંચ સાહેદ નં.૧ શબીર ઈશાક સોઢાનાઓ એ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં પંચનામા બાબતે કશુ જાણતા નહી હોવાનુ જણાવી માત્ર તૈયાર પંચનામામાં સહી કરી હોવાનુ જણાવે છે અને તેઓની રુબરુમાં મારામારીના બનાવ અંગે સ્થાનીક જગ્યાનું પંચનામુ કરેલ હોવાનુ બનેલ નહી હોવાનુ જણાવે છે. આમ, ઉપરોકત પંચ સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ ન હોય વિ.એ.પી.પી.શ્રી ઘ્વારા હોસ્ટાઈલ જાહેર કર્યા છે અને ઉલટતપાસમાં પુછી શકાય તેવા તેવા સવાલો પુછવા છતા ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. વધુમાં બચાવપક્ષે ઉલટતપાસ નહી હોવાનું કબુલ રાખેલ છે.

વધુમાં પંચ સાહેદ નં.ર નિલેશભાઈ કરશનભાઈ માલવીયાએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવી છે કે, તેઓને આંક–૦પ વાળુ પંચનામું બતાવવામાં આવે છે તેમાં તેઓની સહી છે જે ઓળખી બતાવે છે અને આ સહી તેઓએ આશરે ત્રણ વર્ષ અગાઉ કરેલી અને પોલીસે તેઓની રૂબરૂમાં અને બીજા ત્રણ માણસો સુભાન જેના પિતાજીનું

નામ આવડતું નથી પરંતુ તે બાલંભા ગામનો છે તથા બીજા અબ્રાહીમભાઈ તેના પિતાજીનું નામ આવડતું નથી પરંતુ તે બાલંભા ગામના છે, ભાવેશભાઈ પંચરની દુકાનવાળા હાજર હતાં બાલંભા ગામે બસ સ્ટેન્ડની બાજુમાં પંચરની દુકાનની સામે પોલીસે મારામારીના બનાવનું સ્થાનીક જગ્યા બતાવેલી અને ત્યાં પત્થર પડેલા તે પોલીસે ગણેલા અને લોહીના ડાઘા ત્યાં હતાં નહી અને પોલીસે તેઓની હાજરીમાં બધી વિગત લખીને તેઓને પંચનામુ વાંચી સંભળાવી તેઓની સહી કરાવેલી અને બીજા પંચ તરીકે કોણે સહી કરેલી તે તેઓને ખબર નથી પણ તે કોઈ મુસલમાનનો છોકરો હતો તેનુ નામ તેઓને આવડતું નથી પરંતુ હનીફ જેવુ કાંઈક નામ હતું.

સદર પંચસાહેદ નં.ર નાઓની વધુમાં બચાવપક્ષે વિ.વ.શ્રી દ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં પંચસાહેદ નં.ર નાઓએ એ હકીકતનો સ્વિકાર કર્યો છે કે, આ સિવાય બીજુ કાંઈ કરેલ નહી, અયુબભાઈ આરોપીઓ અને તેઓની વચ્ચે અણબનાવ અને વેરઝેર ચાલે છે. વધુમાં પંચ સાહેદ નં.ર ઉલટતપાસમાં એ હકીકતનો ઈન્કાર કરે છે કે, પોલીસ સ્થળ ઉપર આવેલી અને બધુ લખી લીધેલ અને તેઓને કિધેલ કે સહી કરો તેથી તેઓએ સહી કરેલી, તેઓને અણબનાવ તેઓના કાકાની હત્યા થઈ ત્યારથી અને તે બાબતે ચાલે છે, આરોપીઓ સાથે અણબનાવ હોય તે માત્રથી તેઓ પંચનામાવાળી જગ્યાએ હાજર ન હતા તેમ છતાં આજરોજ સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે, પંચનામામાં તેઓની સહી ખોટી રીતે ઓળખી બતાવે છે.

**(૭.૨)** હાલનાં કામે ફરીયાદપક્ષે ફરિયાદી ઈબ્રાહીમભાઈ દાઉદભાઈ જસરાયા નાઓને આંક–૧૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, ઉપરોકત ફરિયાદી સાહેદે તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ અભણ છે અને ખેતીકામ કરે છે અને બનાવ તા.૦૪/૦૬/૨૦૨૦ ના રોજ બનેલો અને બનાવના દિવસે સાંજના સાત વાગ્યાના સુમારે કબ્રસ્તાનનું કામ ચાલતુ હતુ તેથી તેઓ પથ્થર ભરેલી ગાડી આવવાની રાહ જોઈને બસ ડેપોની સામેના ભાગમાં ઓટલા ઉપર બેઠેલ હતા તે વખતે સુભાન સીદીકભાઈ સોઢા , રે.મૂળ કચ્છ, બનાવ વખતે રહેવાસી.બાલંભા વાળો તેઓની પાસે આવેલ અને તેઓને કહેલ કે, ' તુ પોલીસને બાતમી કેમ આપે છે ? ' અને તેઓને પાછળથી બાથ ભરી દીધેલ અને આ દરમ્યાન અસગર હુસેન ધોકો લઈને આવેલ અને તેઓને પગમાં ગોઠણના ભાગે ધોકાથી માર મારવા લાગેલ જેથી તેઓ નીચે પડી ગયેલા આ દરમ્યાન અયુબ જુસબ પણ ધોકો લઈને આવેલ અને તેઓને ડાબા અને જમણા હાથમાં ધોકાથી મારવા લાગેલ અને આ વખતે તેઓના ભાઈ હબીબભાઈ દાઉદભાઈ અને તેમનો દિકરો મામદ તથા કરશનભાઈ દલવાડીનો છોકરો જેનુ નામ હાલ તેઓને યાદ નથી હવે કહે છેકેતેનુ નામ નીલેશ છે તે આવી ગયેલ અને ભાવેશ પ્રવિણભાઈ તેની દુકાનના સામેના ભાગમાં બેઠેલા

હતા જેથી આ ત્રણેય આરોપીઓ જતા રહેલ આરોપીએ બીજુ કાંઈ કહેલ નહી ત્યારબાદ તેઓના ભાઈ હબીબભાઈ તથા તેમનો દિકરો મામદ તેઓની અલ્ટો કારમાં બાલંભા પોલીસ ચોકીમાં લઈ ગયેલા અને પોલીસે કહેલ કે તેને ઈજા થયેલ તેથી જોડીયા દવાખાને લઈ જાઓ જેથી તેઓ જોડીયા સરકારી દવાખાને આવેલા અને જયાં ડોકટર સાહેબે પ્રાથમીક સારવાર આપી વધુ સારવાર માટે જામનગર લઈ જવાનુ કહેતા તેમનો ભાઈ હબીબ તથા તેમનો દિકરો મામદ તેઓની કારમાં તેઓનેજામનગર જી.જી.હોસ્પીટલમાં લઈ ગયેલા જયાં તેઓને દસ પંદર દિવસ દાખલ રાખેલા અને આ બનાવમાં તેમનો ડાબો હાથ ભાંગી ગયેલ અને બંને પગમાં ફ્રેકચર થઈ ગયેલ અને જમણા હાથના અંગૂઠા પાસેની પહેલી આંગળીમાં ફ્રેકચર થઈ ગયેલ અને આ બનાવ અંગે ફરીયાદ આપેલી ફરીયાદ લેવા પોલીસ જામનગર દવાખાને આવેલા અને તેઓને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી છે જે ઓળખી બતાવી આંક–૧૬ થી રજુ રાખેલ છે. આરોપીઓને તેઓ ઓળખે છે તેઓને બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે અને આરોપીઓ આજરોજ નામદાર કોર્ટમાં હાજર નથી અને બચાવપક્ષે આરોપીની ઓળખની તકરાર નથી અને તેઓને જે હથીયારથી મારવામાં આવેલ તે બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે અને તેઓને જે હથીયારથી માર મારવામાં આવેલ તે બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે આ તબકકે આરોપી અયુબ જુસબભાઈ તથા અસગરભાઈ હુસેનભાઈ હાલના કેસમાં નાસતા ફરતા બતાવવામાં આવે છે અને તેઓ પાછળથી પકડાયેલ હોય તેઓની સામે પુરવણી ચાર્જશીટ કરવામાં આવેલ જે કેસ નંબરઃ ૪૧૮/૨૦૨૦ પડેલ છેજે કેસમાં કબજે કરવામાં આવેલ મુદામાલ પોલીસ સ્ટેશનમાંથી મંગાવી સાહેદને બતાવવો જરૂરી હોય સરતપાસ મુલતવી રાખવામાં આવેલ હતી, બાદ તેઓને મુદામાલ હથીયાર લાકડાનો ધોકો બતાવવામાં આવે છે જેના ઉપર મુ.ર.નં.૩/૨૨ મુ.પા.નં.૧૩/૨૦, ફો.કે.નં.૪૧૮/૨૧ ની કાપલી ચોંટાડવામાં આવેલ છે તથા બે પંચો પો.હેડ. કોન્સ. પી.ડી. ૪૩ જોડીયા પોલીસ સ્ટેશનની સહીવાળી કાપલી લગાડવામાં આવેલ છે જે જોઈને જણાવે છે કે અયુબ અસગર પાસે ધોકો હતો અને સગર હુશેન પાસે પણ ધોકો હતો અને તેઓને બતાવવામાં આવે છે તે ધોકો અસગર હુશેન કમોરા પાસે હતો અને તેણે તેઓને આ ધોકાથી મારેલ અને અયુબ પાસે લીલા કલરનો લાકડાનો ધોકો હતો સાહેદ જણાવે છે કે, અસલ ધોકો રજુ થયેલ નથી અને લીલા કલરનો ધોકો જે રજુ થયેલ નથી.

વધુમાં બચાવપક્ષે વિ.વ.શ્રી દ્વારા સદર ફરિયાદી સાહેદની વિગતવારની ઉલટતપાસ કરવામાં આવી છે, જેમાં સાહેદે એ હકીકતનો સ્વિકાર કર્યો છે કે, નિલેશભાઈ માલવીયા, કરશનભાઈ માલવીયા વિગેરે સાથે સુભાન, અસગર, અને અયુબને હાલ સારા સંબંધ નથી, તેઓનો પાછળથી કાંઠલો પકડે અને તેઓ પાછળ જોય તે પહેલા તેઓને અસગરીયાએ ધોકો મારેલો, સામાન્ય રીતે કોઈને પાછળથી કાંઠલો પકડે તો માણસ બેઠો હોય તો તે ઉભો થઈ શકે, બાલંભાના બસ સ્ટેશનમાં લાઈટ કે સ્ટ્રીટ લાઈટની વ્યવસ્થા નથી, બનાવ બન્યાની

જગ્યાએ પાનની પંચર વાળાની, ચાની બે હોટલ આવેલી છે, આ ૫૦ લોકો આવીને દેકારો કરતા આ લોકો ભાગી ગયેલા તેવુ તેઓએ તેમના નિવેદનમાં લખાવેલ નથી, આરોપી સુભાન બાલંભામાં આવતો જતો હોય અને તેઓને ત્યાં રોકાતો હોય તેથી તેઓ તેમને ઓળખે છે, ખેતીમાં કામ કરતાં કરતાં કોઈની પાછળ દોડીએ અને બળદ આગળ ચાલ્યા જાય તો હાથમાં કે પગમાં ઈજા થઈ શકે.

વધુમાં બચાવપક્ષે વિ.વ.શ્રી ધ્વારા સદર ફરિયાદી સાહેદની વિગતવારની ઉલટતપાસ કરવામાં આવી છે, જેમાં સાહેદે એ હકીકતનો ઈન્કાર કર્યો છે કે, તેઓએ પોલીસને બનાવવાળી જગ્યા બતાવેલી અને પોલીસ તેઓના ઘરે નિવેદન લેવા આવેલી તેવુ તેઓએ લખાવેલ નહી, સુભાન સાથે તેઓને અણબનાવ હોય તેના કારણે તેને હેરાન કરવા માટે ખોટી ફરીયાદ કરેલી છે અને સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે, સુભાને પાછળથી કાંઠલો પકડી અને તેઓને માર માર્યાની હકીકત ખોટી જણાવે છે.

(૭.૩) હાલનાં કામે ફરીયાદપક્ષે સાહેદ હબીબ દાઉદ જશરાયા નાઓને આંક–૨૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, ઉપરોકત સાહેદે તેમની સરતપાસમાં એવી હકીકત જણાવી છે કે, બનાવ તા.૦૪/૦૬/૨૦૨૦ ના રોજ સાંજના સાડા છ થી સાત વાગ્યાના આસપાસ બાલંભા સ્ટેશન પાસે બનેલો અને બનાવ સમયે તેઓ પ્રવીણ ઓઝા પંચરવાળાની દુકાને બેઠા હતા અને તેમનો ભાઈ ઈબ્રાહીમ રોડની સામે લીમડાના ઓટલે બેસેલ હતા ત્યારે મોઢે તેઓની જમીન બાબતે કેસ કરેલ તે મોઢે સફેલ રૂમાલ બાંધીને તેઓને જોઈને બાપા સીતારામ ની મઢુલી બાજુ ગયેલ અને તેઓ તેમના ઘર બાજુ ગયેલ થોડે દુર જતા તેઓનજા ભાઈ ઈબ્રાહીમભાઈને અસગર અને અયુબ બન્ને પાસે ધોકા હતા અને તે ધોકા વડે માર મારતા હતા અને તેઓનાથી કાંઈ થાય તેમ ન હોય તેથી તેઓ તેમના ભત્રીજાને બોલાવવા ગયેલ અને તેઓના ભત્રીજાને બોલાવી બનાવવાળી જગ્યાએ પહોંચતા અસગર અને અયુબ ત્યાથી ચાલ્યા ગયેલ અને તેમનો નાનો ભાઈ અનવરભાઈ તેઓના પહેલા ત્યાં પહોંચી ગયેલ હોય તેમના ભાઈને તે દવાખાને લઈ ગયેલ તે સિવાય તેઓને કોઈ માહીતી નથી અને તેઓ આરોપીઓ અસગર અને અયુબને જોયેથી ઓળખે છે.

વધુમાં બચાવપક્ષે વિ.વ.શ્રી ધ્વારા સદર સાહેદની વિગતવારની ઉલટતપાસ કરવામાં આવી છે, જેમાં સાહેદે એ હકીકતનો સ્વિકાર કર્યો છે કે, તેઓ બનાવ બન્યો તે જગ્યાથી પાંચસો સાતસો ફુટ દુર હતો ત્યારે સાંજના સાત સાડા સાત વાગ્યે અંધારુ થઈ ગયેલ, તેઓ તેમના ભત્રીજાને તેડવા જવાનુ કહે છે તે તેઓ ચાલીને ગયેલા, તેઓ બનાવ બન્યાનું જણાવે છે તે સમયે તેઓના સિવાય ત્યાં ઘણા બધા માણસો હતા અને બસ સ્ટેશન વિસ્તારમાં જે દુકાનો આવેલી છે તે પણ ખુલેલી હતી.

વધુમાં બચાવપક્ષે વિ.વ.શ્રી ધ્વારા સદર સાહેદની વિગતવારની ઉલટતપાસ કરવામાં આવી છે, જેમાં સાહેદે એ હકીકતનો ઈન્કાર કર્યો છે કે, ફરીયાદી તેઓના ભાઈ થતા હોય તેને મદદ કરવા સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે અને આરોપીને ઓળખતા હોવાનુ ખોટુ જણાવે છે, કશુ જાણતા ન હોવા છતાં અને બનાવ સમયે હાજર ન હોવા છતાં સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

(૭.૪) હાલનાં કામે ફરીયાદપક્ષે સાહેદ અનવર દાઉદ જશરાયા નાઓને આંક−૨૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, ઉપરોકત સાહેદે તેમની સરતપાસમાં એવી હકીકત જણાવી છે કે, બનાવ આશરે કેટલા વર્ષ પહેલા બનેલો તે તેઓને ખબર નથી અને બનાવ બાલંભા બસ સ્ટેશન પાસે સાંજના છ થી સાડા છ ની વચ્ચે બનેલો તે સમયે તેઓ તેમની વાડીએ હતા ત્યારે છોકરાઓની વાતો વાતોમાં ઈબ્રાહીમભાઈનુ નામ લેતા તેઓએતપાસ કરતા પુંજાભાઈ અને ભીખા મારાજે બનાવ વિશે વાત કરેલી ત્યારબાદ તેઓ બનાવવાળી જગ્યાએ ગયેલ અને ત્યાં તેમનો મોટો ભાઈ ઈબ્રાહીમભાઈ પડેલ હતો ત્યારે તેઓના ભાઈનો છોકરો મામદ મારૂતી ગાડી લઈને આવેલ અને તેઓ પોલીસ ચોકીએ ગયેલા અને પ્રતાપભાઈ જમાદારેક હેલ કેહાથે વાગેલ છે જેથી તમે જામનગર જી.જી.હોસ્પીટલ લઈ જાવ અને તેઓ ઈબ્રાહીમભાઈને જામનગર જી.જી.હોસ્પીટલ ખાતે લઈ ગયેલ અને તેઓનો ભાઈ ઈબ્રાહીમભાઈએ તેઓને કહેલ કે, અયુબ જુસબ તથા સગર હુશેન કમોરાએ તેઓને ધોકાથી માર મારેલાનુ જણાવેલ અને પોલીસે તેઓનો જવાબ લીધેલો અને આરોપીને તેઓ જોયેથી ઓળખે છે.

વધુમાં બચાવપક્ષે વિ.વ.શ્રી ધ્વારા સદર સાહેદની વિગતવારની ઉલટતપાસ કરવામાં આવી છે, જેમાં સાહેદે એ હકીકતનો સ્વિકાર કર્યો છે કે, બનાવ સમયે તેઓ તેમની વાડીએ હોય બનાવ તેઓએ નજરે જોયેલ નથી. વધુમાં બચાવપક્ષે વિ.વ.શ્રી ધ્વારા સદર સાહેદની વિગતવારની ઉલટતપાસ કરવામાં આવી છે, જેમાં સાહેદે એ હકીકતનો ઈન્કાર કર્યો છે કે, ફરીયાદી તેઓના ભાઈ થતા હોય જેથી ખોટી ફરીયાદને સમર્થન કરવા માટે સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે, તેઓના ભાઈએ બનાવની હકીકત જણાવ્યાનું ખોટુ જણાવે છે.

(૭.૫) હાલનાં કામે ફરીયાદપક્ષે સાહેદ મહમદ ઈબ્રાહીમ જશરાયા નાઓને આંક−૩૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, ઉપરોકત સાહેદે તેમની સરતપાસમાં એવી હકીકત જણાવી છે કે, બનાવ આશરે બે વર્ષ પહેલા બાલંભા ગામના બસ સ્ટેશન પાસે સાડા ચારથી પાંચ વાગ્યાની આસપાસ બનેલો તે સમયે તેઓ તેમની વાડીએ હતા અને ત્યારે કોઈકનો ફોન આવેલ જેનુ નામ તેઓનેખબર નથી તેઓએ તેઓને જણાવેલ કે તમારા પપ્પા ઈબ્રાહીમભાઈને અયુબ જુસબ અને અસગર માર મારેલ છે ત્યારબાદ તેઓ બનાવવાળી જગ્યા બસ સ્ટેશન બાલંભા ગામ ઉપર આવેલ જોયુ તો તેમના પપ્પાનો હાથ અને પગ ભાંગી નાખેલ

હતા અને લોહી લુહાણ થયેલ હતા અને બેભાન અવસ્થામાં હતા ત્યારબાદ તેઓ તેમના પીતાશ્રીને મારુતી ગાડીમાં લઈને બાલંભા પોલીસ ચોકીએ લાવેલ અને ત્યાં પોલીસવાળાએ તેઓને કીધેલ કે જામનગર જતા રહો તેથી તેઓએ તેમના પીતાશ્રીએ જી.જી.હોસ્પીટલ(ઈરવીન હોસ્પિટલ) લઈ ગયેલ અને ત્યાં ચાર પાંચ દિવસ સારવાર કરેલી અને પોલીસે તેઓની પુછપરછ કરેલી અને આ સિવાય તેઓ બીજુ કશુ જાણતા નથી અને ઉપરોકત જણાવેલ અયુબ જુસબ અને અસગરને તેઓ જોયેથી ઓળખે છે.

વધુમાં બચાવપક્ષે વિ.વ.શ્રી ધ્વારા સદર સાહેદની વિગતવારની ઉલટતપાસ કરવામાં આવી છે, જેમાં સાહેદે એ હકીકતનો સ્વિકાર કર્યો છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી અને આરોપીઓના નામ તેઓનેસ્થળ ઉપર હાજર લોકોએ તેઓને કીધેલ પરંતુ આ લોકોના નામની તેઓને ખબર નથી કે તે લોકોને તેઓ ઓળખતા નથી પરંતુ તેઓના ગામના હતા અનેઆ બનાવ બાબતે તેઓને ફોન ધ્વારા જાણ થયેલ પરંતુ આ ફોન કોણે તેઓને કરેલો તેની તેઓને ખબર નથી.

**(૭.૬)** હાલના કામે ફરિયાદપક્ષે આંક−૩૩ થી રજુ આરોપી અટક પંચનામાના પંચ સાહેદ નં. ૨ ભીમજી બટુક આઘોજીયા નાઓને આંક−૩૨ થી સોગંદ ઉપર તપાસેલ છે, ઉપરોકત પંચસાહેદે તેમની સોગંદ ઉપરની જુબાનીમાં તૈયાર પંચનામામાં સહી કરી હોવાનું તથા તે સિવાય પંચનામાની હકીકતો બાબતે કશુ જાણતા નહી હોવાની હકીકત જણાવે છે, આમ, ઉપરોકત પંચનામાના પંચસાહેદને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા હોસ્ટાઈલ જાહેર કર્યા છે અને ઉલટતપાસમાં પુછી શકાય તેવા તેવા સવાલો પુછવા છતા ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. વધુમાં બચાવપક્ષે ઉલટતપાસ નહી હોવાનું કબુલ રાખેલ છે. આમ, ઉપરોકત પંચસાહેદની જુબાનીથી આ કામે રજુ થયેલ આરોપીને અટક કર્યા અંગેનું પં ચનામું પુરવાર થઈ શકે તેટલો પુરાવો ફરીયાદપક્ષે રજુ થયેલ નથી.

**(૭.૭)** હાલના કામે ફરીયાદપક્ષે સાહેદ ત.ક.અમલદાર પ્રકાશભાઈ દેવરાજભાઈ જરૂ નાઓને આંક−૪૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, ઉપરોકત સાહેદે તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવી છે કે, સને ૨૦૨૦ ની સાલમા તેઓ જોડીયા પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન તેઓને પી.એસ.ઓ. તરફથી ગુ.ર.નં.૦૧૭૨/૨૦૨૦ આઈ.પી.સી.કલમ ૩૨૫,૩૨૩,૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫(૧) ની તપાસ મળેલ. તપાસ મળતા તેઓએ બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલ, લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલા તેમજ બનાવ સમયે જીલ્લા મેજીસ્ટ્રેટ જામનગરનુ હથીયારબંધીનુ જાહેરનામું અમલમા હોય જે જાહેરનામાની ઝેરોક્ષ ખરી નકલ રજુ કરે છે જે આં ક−૪૪ આપવામા આવે છે. તેઓની તપાસ દરમ્યાન તેઓએ ભોગ બનનાર ઈબ્રાહીમભાઈ દાઉદભાઈ નાઓએ લીધેલ મેડીકલ સારવારનું સર્ટીફીકેટ મેળવેલ તે આંક ૪૧ વાળુ સર્ટીફીકેટ

તેઓને બતાવવામાં આવતા  જે તેઓએ મેળવેલ તે એ જ સર્ટીફીકેટ છે. આ કામે આરોપીનુ અટક પંચનામુ કરેલ જેમા પંચોએ તેઓના રૂબરૂ સહી કરેલ અને રૂબરૂપણામાં તેઓની સહી છે. તપાસના અંતે આરોપી  વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ કરેલુ. આરોપીને જોયેથી ઓળખે છે.

વધુમાં બચાવપક્ષે લેવામાં આવેલ તપાસ કરનાર અમલદાર  સાહેદની ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વિકાર કર્યો છે કે, બનાવવાળી જગ્યા બસ સ્ટેશન વિસ્તાર છે અને આજુબાજુમાં રહેણાંકના મકાનો આવેલા છે, તેઓએ તેમની તપાસના કામે આવા બસ સ્ટેશન પરના લોકો કે આજુબાજુના રહેણાંક વાળા લોકોના નીવેદન લીધેલા નથી, ડી.એમ.સાહેબ, જામનગરના જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કર્યા અંગેનો કોઈ આધાર તેઓએ આ કામે રજુ કરેલ નથી.

વધુમાં ઉલટતપાસમાં તપાસ કરનાર અમલદાર સાહેદ એ હકીકતનો ઈન્કાર કર્યો છે કે, સ્થાનીક જગ્યાએ કોઈ પંચનામુ કરેલ નથી પાછળથી તૈયાર પંચનામામા પંચોની સહીઓ લીધેલ છે, સાહેદોના નીવેદનો તેમના લખાવ્યા મુજબના નહી પરંતુ તેઓની તપાસ અને ફરીયાદને અનુકુળ આવે તે રીતેના લીધેલા છે, આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટી તપાસ કરી ખોટુ ચાર્જશીટ કરેલ છે અને સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

(૭.૮) હાલના કામે ફરીયાદપક્ષે સાહેદ ડોકટર પ્રવિણભાઈ રામજીભાઈ ભુવા નાઓને આંક–૫૭  થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, ઉપરોકત સાહેદે તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવી છે કે, તારીખ ૦૫/૦૬/૨૦૨૦ ના રોજ સાંજના ૦૮:૩૫ વાગ્યે જી.જી.હોસ્પીટલ જામનગર ખાતે કેજયુલ્ટી વિભાગમાં તેઓ તેમની ફરજ પર હતા ત્યારે ઈબ્રાહીમ દાઉદ જશરાયા ઉ.વ.૫૦, રહે. બાલંભા, તા.જોડીયા નાઓને તેમના પુત્ર મામદ ઈબ્રાહીમ ધ્વરા મારામારીમાં ઈજાની ફરીયાદ સાથે તેઓની પાસે સારવારમાં લાવેલા તેમની તપાસ કરતા નીચે મુજબની ઈજાઓ જોવા મળેલ. ઈજા નં.(૧) ડાબા પગના ઘુંટીના અંદરના ભાગે ૧×૧ સે.મી. નો છોલાયેલો ભાગ, જમણા હાથની ચોથી આંગળીમાં ઉપરના ભાગે ૧×૧.૫ નો છોલાયેલો ભાગ, ડાબા હાથની બીજી આંગળીના ઉપરના ભાગે ૦.૧ ×૦.૧ સેમી. નો છોલાયેલો ભાગ જોવા મળેલ. તેમની પ્રાથમીક સારવાર કરી વધુ સારવાર માટે ઓર્થોપેડીક વિભાગમાં મોકલી આપેલ જયા તેમની એકસ રે તપાસ કરતા ડાબા હાથના અલ્ના નામના હાડકામાં વચ્ચેના ભાગે ફ્રેકચર હતુ બન્ને પગના ફીબ્યુલા નામના હાડકાના ઉપરના ભાગે ફ્રેકચર જોવા મળેલ અને ડાબા હાથની બીજી આંગળીમાં વચ્ચેના હાડકામાં ફ્રેકચર જોવા મળેલ અને જમણા હાથની ચોથી આંગળીમાં છેલ્લા હાડકામાં ફ્રેકચર જોવા મળેલ અને તેઓને મેલ ઓર્થોપેડીક વિભાગ ૧ ડો. બી.એસ.પરમારના વોર્ડમાં દાખલ કરેલ તથા

તા. ૧૪/૦૬/૨૦૨૦ ના રોજ તેમને રજા આપેલ અને આ ઈજાઓ એકથી દોઢ મહીનાની સારવાર આપવાથી કોઈ કોમ્પ્લીકેશન ન થાય તો દર્દીને સારુ થઈ જાય છે અને આ ઈજાઓ કોઈ બોથડ હથીયારના ઘા વાગવાથી થઈ શકે તેવી અને ગંભીર પ્રકારની ઈજાઓ છે અને તેઓને આંક-૪૧ વાળુ ઈન્જરી સર્ટીફીકેટ એમ.એલ.સી. નંબર ૪૦૩૧ /૨૦૨૦ અને સર્ટીફીકેટ નંબર ૭૦૪/૨૦૨૦ ની ખરી નકલ બતાવવામાં આવતા જેની અસલ તેઓ આજરોજ તેઓની સાથે લાવેલ હોય જે તેઓએ આપેલ છે જેમાં તેઓની સહી છે જે ઓળખી બતાવે છે

વધુમાં બચાવપક્ષે લેવામાં આવેલ ડોકટર સાહેદની ઉલટતપાસમાં સાહેદે એ હકીકતનો સ્વિકાર કર્યો છે કે, છોલછાલવાળી ઈજા નંબર ૧ જણાવે છે તે કોઈ વ્યકિત જો બોથડ પદાર્થના સંપર્કમાં/ઘર્ષણમાં આવે અને પડી જાય તો થઈ શકે, ઘુંટીના અને હાથની આંગળીના ફ્રેકચરો પડી જવાના કારણે થઈ શકે, આંક-૪૧ વાળા સર્ટીફીકેટ માં ઈજા પામનારે બનાવ કે વ્યકિતની કોઈ હીસ્ટ્રી જણાવેલ નથી. વધુમાં ઉલટતપાસમાં સાહેદે હકીકતનો ઈન્કાર કર્યો છે કે, ઈજા પામનારને સારવાર આપ્યા વગર ખોટુ સર્ટીફીકેટ આપેલ છે અને આજરોજ સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

**<u>પુરાવાનું મુલ્યાંકનઃ-</u>**

(૮) ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો તુલનાત્મક રીતે જોવામાં આવે તો ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપી વિરૂદ્ધ જે આક્ષેપ છે તે બાબતે અદાલત સમક્ષ રજુ પુરાવો જોતાં,

**ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩ – સ્વેચ્છાપૂર્વક વ્યથા કરવા માટે શિક્ષાઃ-**

જે કોઇ વ્યક્તિ, કલમ ૩૩૪માં જણાવેલા સંજોગોમાં હોય તે સિવાય, સ્વેચ્છાપૂર્વક વ્યથા કરે, તેને એક વર્ષની મુદ્દત સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીની દંડની અથવા તે બંન્ને શિક્ષા કરવામાં આવશે.

**ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૫ – સ્વેચ્છાપૂર્વક મહાવ્યથા કરવા માટે શિક્ષાઃ-**

જે કોઇ વ્યક્તિ, કલમ ૩૩૫માં જણાવેલા સંજોગોમાં હોય તે સિવાય, સ્વેચ્છાપૂર્વક મહાવ્યથા કરે તેને સાત વર્ષની મુદ્દત સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

**ભારતીય દંડ સંહિતાની કલમ ૧૧૪ – ગુનો કરવામાં આવે ત્યારે દુષ્પ્રેરકની હાજરીઃ-**

પોતે હાજર ન હોય અને પોતે કરેલા દુષ્પ્રેરણાના પરિણામે થયેલા જે કૃત્ય માટે દુષ્પ્રેરક તરીકે કોઇ વ્યક્તિ શિક્ષાને પાત્ર થાય એવુ કૃત્ય, પોતાની હાજરીમાં થાય તો તેણે પોતે તે કૃત્ય અથવા ગુનો કર્યો છે એમ ગણાશે.

હવે, આ કામે અદાલત સમક્ષ ફરીયાદપક્ષ દ્ધારા રજુ થયેલ પુરાવો જોતાં, સૌ પ્રથમ આ કામે રજુ થયેલ પંચનામા ધ્યાને લઇએ તો આંક–૫ થી બનાવવાળી જગ્યાનું પંચનામું રજુ થયેલ છે. જે પંચનામાના પંચ સાહેદ સબિરભાઇ ઇશાભાઇ સોઢાને આંક–૪ થી તપાસવામાં આવેલ છે જેઓએ પંચનામામાં પોતાની સહીઓ સિવાયની કોઇ હકિકતને સમર્થન કરતા નથી. તેઓને વિ.એપીપીશ્રી દ્ધારા ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો આપેલ નથી. ત્યારબાદ સદર પંચનામાના પંચ સાહેદ નિલેશભાઇ કરશનભાઇ માલવીયાને આંક–૧૧ થી તપાસવામાં આવેલ છે જેઓએ બાલંભા ગામે બસ સ્ટેન્ડની બાજુમાં પંચરની દુકાનની સામે પોલીસે મારામારીના બનાવની સ્થાનિક જગ્યા બતાવેલી અને ત્યાં પત્થર પડેલા તે પોલીસે ગણેલા અને લોહીના ડાઘા ત્યાં હતાં નહી. પોલીસે તેમની હાજરીમાં બધી વિગત લખીને પંચનામું વાંચી સંભળાવી સહી કરાવેલી તેમ જણાવેલ છે. બીજા પંચ તરીકે કોણે સહી કરેલી તે તેમને ખબર નથી પણ તે કોઇ મુસલમાનનો છોકરો હતો તેનુ નામ તેઓને આવડતુ નથી પરંતુ હનીફ જેવું કાંઇક નામ હતુ. સદર સાહેદે પોતાની ઉલટતપાસમાં સ્વિકારેલ છે કે તેઓ અને આરોપીઓ વચ્ચે અણબનાવ તથા વેરઝેર ચાલે છે તથા પત્થર ગણેલા તે સિવાય બીજુ કાંઇ કરેલ નહી તેવુ જણાવેલ છે. પરંતુ સદર સાહેદે બનાવવાળી જગ્યાનું પંચનામા મુજબનું વર્ણન તેઓએ જણાવેલ નથી. બનાવવાળી જગ્યાની ચતુર્દિશા તેઓએ જણાવેલ નથી.બનાવાળી જગ્યાએ ક્યારે પહોંચેલ તથા કેટલો સમય પંચનામું ચાલેલુ અને કેટલા વાગ્યે પુરૂ થયેલ તે જણાવેલ નથી. સદર બનાવવાળી જગ્યા કોણે બતાવેલ તે પણ જણાવેલ નથી. જેથી સદર સાહેદની જુબાની શંકા ઉભી કરે છે. જેથી તેઓની જુબાનીથી પંચનામું પુરવાર માની શકાય તેમ નથી. જેથી સદર પંચો દ્ધારા સ્પષ્ટ રીતે પંચનામાની હકિકતો પુરવાર થતી નથી.

આ સિવાય આંક–૩૩ થી આરોપીની અટક અંગેનું શરીર સ્થિતિનું પંચનામું રજુ કરેલ છે. સદર પંચનામાના પંચ સાહેદ ભીમજી બટુક આદ્રોજીયાને આંક–૩૨ થી તપાસેલ છે. જેઓએ પંચનામામાં પોતાની સહીઓ સિવાયની કોઇ હકિકતને સમર્થન કરતા નથી. તેઓને વિ.એપીપીશ્રી દ્ધારા ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો આપેલ નથી. સદર પંચનામાના બીજા પંચ સાહેદને

આ કામે તપાસવામાં આવેલ નથી. જેથી સદર પંચની જુબાનીથી પંચનામું પુરવાર થતુ નથી.

આ કામે ફરીયાદીને આંક–૧૫ થી તપાસવામાં આવેલ છે સદર સાહેદે પોતાની ફરીયાદ મુજબની હકિકતો જણાવેલ છે. જેની ઉલટતપાસ જોવામાં આવે તો તેઓ જણાવે છે કે તેઓને સુભાને પાછળથી પકડી રાખ્યાનું તે કહે છે એટલે તેઓની પાછળ ઉભા રહીને તેઓનો કાઠલો પકડેલો. તેને બથ ભરીને ઝકડીને પકડી રાખેલ નહી અને તેનો પાછળથી કાંઠલો પકડે અને તેઓ પાછળ જોવે તે પહેલા તેઓને અસગરીયાએ ધોકો મારેલો. ધોકો લાગ્યો એટલે તે ડામર રોડ પર પડી ગયેલ. તેઓ જે જગ્યા કહે છે તે જગ્યાએ સ્ટ્રીટલાઇટની કે બીજી કોઇ લાઇટની વ્યવસ્થા નથી. જે તમામ બાબત ધ્યાનમાં લઇએ તો હાલના આરોપી દ્વારા તેઓને કોઇ માર મારવામાં આવેલ હોઇ કે હથિયાર વડે ઇજા કરેલ હોઇ તેવુ બનેલ નથી.

આ કામે આંક–૨૫ થી તપાસેલ સાહેદ હબીબભાઇ તેઓના ભાઇને ઇબ્રાહીમ તથા અયુબ ધોકા વડે મારતા હતા તેમ જણાવેલ છે પરંતું હાલના કામના આરોપી ત્યાં હાજર હોઇ કે ફરીયાદીને પકડેલ હોઇ તેવી કોઇ હકિકત જણાવેલ નથી. સદર સાહેદ નજરે જોનાર એકમાત્ર સાહેદ છે જેઓને આ કામે તપાસેલ છે તેઓએ હાલના કામના આરોપી સુભાન બનાવ વખતે હાજર હોવાની કોઇ હકિકત જણાવેલ છે. જે બાબત ફરીયાદ હકિકત તથા ફરીયાદીની જુબાની અને સદર સાહેદની જુબાનીમાં વિરોધાભાસ ઉભો થાય છે.

આ કામે આંક–૨૬ થી તપાસેલ સાહેદ અનવર દાઉદ જશરાયા તથા આંક–૩૧ થી તપાસેલ સાહેદ મહમદ ઇબ્રાહીમ જશરાયાનાઓ બનાવ વખતે પોતાની વાડીએ હતા. જેઓ હીયરસે વીટનેસ છે. તેઓએ બનાવ નજરે જોયેલ નથી. તેઓને બીજા દ્વારા બનાવની જાણ થયેલી તેમાં પણ ઇબ્રાહીમભાઇને અયુબ જુસબ અને અસગર હુશેન કમોરાએ ધોકા વડે મારેલ તેવી જાણ થયેલ છે. હાલના કામના આરોપી બાબતે સદર સાહેદો દ્વારા કોઇ હકિકત જણાવેલ નથી. હાલના કામના આરોપી બનાવવાળી જગ્યાએ હાજર હોઇ કે ફરીયાદીને પકડી રાખેલ હોઇ તેવી કોઇ બાબત સદર સાહેદોએ જણાવેલ નથી. જેથી ફરીયાદીની જુબાની તથા ફરીયાદ સાથે વિરોધાભાસ ઉભો થાય છે.

સદર કામે આંક–૪૩ થી તપાસ કરનાર અમલદાર પ્રકાશભાઇ દેવરાજભાઇ જરૂને તપાસવામાં આવેલ છે જેઓએ પોતાની તપાસની કામગીરી બાબતની હકિકતો જણાવેલ છે. તેઓએ વિશેષમાં સદર ગુનામાં આરોપીની સંડોવણી સાબિત થાય તેવો કોઇ ચોક્કસ પુરાવો આપેલ નથી. વધુમાં આ કામે આંક–૫૭ થી ડો. પ્રવિણભાઇ રામજીભાઇ ભુવાને તપાસવામાં

આવેલ છે. તેઓની જુબાનીમાં તેઓએ આપેલ સારવાર અને ઈજા બાબતની હકિકતો જણાવેલ છે. સદર સાહેદને દર્દીએ બનાવ કે વ્યક્તિની હીસ્ટ્રી જણાવેલ નહી. જેથી સદર સાહેદની જુબાનીથી ફરીયાદીને કોણે ઈજા કરેલ તે બાબતે કોઇ હકિકત સામે આવતી નથી.

સદર બનાવ વખતે બનાવવાળી જગ્યાએ ગામના ૫૦ લોકો બેઠા હતા તેવુ ફરીયાદીએ પોતાની ઉલટતપાસમાં જણાવેલ છે. પોતાની ફરીયાદમાં પણ તેઓની સામે હારૂનભાઇ જાકુબભાઇ તથા ભાવેશભાઇ પ્રવિણભાઇ બેસેલ હતા તેવુ જણાવેલ છે. પરંતુ તપાસ કરનાર અમલદાર દ્વારા આ કોઈ સ્વતંત્ર અને નજરે જોનાર સાહેદોના નિવેદન લીધેલ નથી. આ તબક્કે ***૨૦૦૩, એસ.એ.આર.(ક્રિમિનલ),૪૨૭*** પરનો ચુકાદો ધ્યાને લેવામાં આવે તો આ ચુકાદામાં ભારતીય પુરાવાના કાયદાની કલમ–૨૭ ની ચર્ચા કરતાં નામદાર સર્વોચ્ચ અદાલતે નોંધેલ છે કે, સ્વતંત્ર પંચ સાહેદોથી સમર્થન મળવુ જોઈએ. સદર કામના આરોપીને કોઈપણ સાહેદોએ ફરીયાદીને પાછળથી પકડી રાખતા જોયેલ નથી. સદર આરોપીએ ફરીયાદીને માર મારેલ નથી કે ઈજા પહોંચાડેલ નથી. ફરીયાદી સિવાયના કોઈપણ સાહેદો દ્વારા હાલના આરોપીની બનાવ સ્થળે હાજરી બાબતે કોઇ હકિકત જણાવેલ નથી. જેથી સદર આરોપીની બનાવ વખતે હાજરી તથા ગુનામાં સંડોવણી સાબીત થતી નથી.

આમ, રેકર્ડ પર આવેલ પુરાવા પરથી આરોપી સામેના તહોમતનામા મુજબના ગુનાના આવશ્યક તત્વો પુરવાર થયેલ નથી. ફરીયાદપક્ષ આરોપી વિરૂદ્ધના ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૫, ૩૨૩, ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫(૧) મુજબનો સજા અને દંડને પાત્ર ગુન્હો કર્યાની હકિકતને સાબિત કરવામાં સફળ થયેલ ન હોય, મુદ્દા નંબર–૧નો ઉત્તર નકારમાં ઠરાવી મુદ્દા નંબર–૨ પરત્વે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## <u>–: હુકમ :–</u>

(૧) આ કામના આરોપી સુભાનભાઇ સિદ્દિકભાઇ સોઢા રહે. બાલંભા ગામ, તા.જોડીયા, જિ. જામનગર નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૪૮(૧) અન્વયે, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૫, ૩૨૩, ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે, શંકાનો લાભ આપી, નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

(૨) આ ઠરાવ સામે અપીલ/રીવીઝન થાય તો તે સમયે આરોપીની હાજરી સહેલાઇથી મળી રહે તે સારુ આરોપીએ રૂ.૫૦૦૦/–ના જાત જામીન તથા મુચરકા રજુ કરવા તે ઠરાવની તારીખથી છ માસ સુધી ચાલુ રાખવા તથા ત્યારબાદ તે જામીન તથા જામીનખત રદ કરવા.

આ હુકમ આજરોજ તારીખ ૧૫મી, માહે એપ્રિલ, સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : જોડીયા
તારીખ: ૧૫/૦૪/૨૦૨૬

**(કું. એમ.એચ.મકવાણા)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
જોડીયા, જી.જામનગર
GJ01523

બી.કે.બળદા(ગુજ.સ્ટેનો)